

"The people I formed for myself that they may proclaim my praise"

# Gujarati Catholic Diaspora

Toronto, Canada



April-2013

ગુજરાતી કેથલીકોના સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક જીવનને સ્પર્શતી પત્રિકા

---



## અહો, આ દીપના તેજે
## ગહન ઘન જાય અંધારાં....

વતનમાં અને વિશ્વમાં બધે વસતાં ગુજરાતી કેથલિક ભાઈ-બહેનોને 'ડાયસ્પોરા' પાસ્ખા પર્વનાં અભિનંદન પાઠવે છે.

### 'ડાયસ્પોરા' અને અમે મિત્રવૃંદ...

ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા દુનિયાના ખૂણે ખૂણે વસતાં આપણા બાંધવોને માહિતી પહોચાડવા પ્રયત્નશીલ શ્રી જગદીશ ક્રિશ્ચિયન તથા શ્રી વિજય મેકવાન અને અન્ય મિત્રોના પ્રયત્નો પ્રશંસનીય છે, કારણ આ કાર્ય સારો એવો સમય અને મહેનત માગી લે છે.

'મિત્રવૃંદ' છે મિત્રોનું એક ગ્રૂપ, જેને વિશ્વ ગુજરાતી કેથલિક સમાજની ગતિ અને દિશાથી માહિતગાર રહેવાની તથા સામુદાયિક રીતે જીવાતા જીવનને જાણવાની, માણવાની અને મુલવવાની આકાંક્ષા છે. અમારો આશય આ 'ડાયસ્પોરા' પત્રિકાને અન્ય મિત્રો સાથે પરસ્પર વિચાર વિનિમય કરવાનું એક માધ્યમ બનાવવાનો છે, જેથી આ વિચાર-વલોણું કોઈક રીતે લાભદાયી નીવડી શકે. એક નાનકડા બીજમાંથી આખુ વન ઉગી નીકળવાની સંભાવના હોય છે તેમ આ પત્રિકામાં પણ ઘણી બધી સંભાવનાઓ છે. મિત્રવૃન્દના અનેક રચનાત્મક કાર્યો પૈકીનું એક આજે વૈશ્વિક સ્તરે પદાર્પણ કરી રહ્યું છે તે ઘટના કેનેડામાં વસતાં સૌ ધર્મજનો માટે પણ ગૌરવરૂપ છે.

સામાજિક અન્યાયનો ભોગ બનેલાં અને શિક્ષણ તથા આવકનાં અન્ય સાધનોના અભાવે આજીવન કમરતોડ મજુરી કરીને કુટુંબ નિર્વાહ કરતાં શાશ્વત આરામમાં પોઢી ગયેલાં આપણાં શ્રમિક પૂર્વજોને આ પ્રથમ અંક અર્પણ કરીએ છીએ. -પોલ મેકવાન

### Contributors

| | |
|---|---|
| Rajesh Macwan<br>Francis Christian<br>Leslie Dias<br>Pratik Peters | Madhuram Macwan<br>Shashikant Patelia<br>Kirit Parmar<br>Paul Macwan |

વાચકમિત્રો,

આપણી સામાજિક અને સાંસ્કૃતિક પ્રતિબધ્ધતાને વાચા આપે એવાં લખાણોના શૂન્યાવકાશ ટાણે જ "ગુજરાતી કૅથલિક ડાયાસ્પોરા"નું આગમન એક આનંદદાયક અને આવકારદાયક ઘટના છે જ. દિવસે દિવસે સામાજિક ખાઇ વધતી જાય છેઃ ગ્રામ્ય, શહેરી અને વિદેશી વચ્ચે અને મૂલતઃ આર્થિક, શૈક્ષણિક માપદંડોને જ સર્વસ્વ ગણતી નવી સમાજ વ્યવસ્થાને કારણે.

સમાજને લગતાં આવાં અનેક પાસાંઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવાની "નેમ" આ સામુદાયક મૂખપત્રની છે. ભૂતકાળમાં "ચિનગારી" અને "દીપક" આવી આહલેક જગાવી ચૂક્યાં છે. ૯૦ના દાયકામાં જોસેફ મેકવાનની કલમનો લાભ "પ્રબુધ્ધ કૅથલિક"ને મળ્યો ને અપેક્ષાઓ જાગી પણ "છપાતી" પત્રિકાઓનો વાચનવર્ગ પ્રમાણમાં મર્યાદિત રહ્યો. છેલ્લે સબળ ગણાતા "કૅથલિક સમાચાર"ને પણ માંહોમાંહેના વિખવાદને પરિણામે તંદુરસ્ત વાતાવરણનો લાભ મળતો બંધ થયો.

છેલ્લા બે દાયકા દરમિયાન થયેલ વૈશ્વિક સ્થળાંતર અને વસવાટને પરિણામે ગુજરાતી કૅથલિકો એક નવી જ જીવનવ્યવસ્થાનો અનુભવ કરી રહ્યા છે. આ અનુભવોને કંડરવા અને મૂળ સમાજની સાથે જોડતી કડી બનવાના આશયથી શરૂ કરેલું આ મૂખપત્ર આપ સૌને ગમશે એવી અપેક્ષા છે જ. આપણા સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પક્ષને જ મૂખ્યત્વે ચર્ચીશું. મિડિયામાં આવેલી ક્રાંતિનો આનાથી વધુ સારો ઉપયોગ ક્યો હોઇ શકે? -રાજેશ મેકવાન



# કૅનેડાઃ આકાશમંથનનું એક મોતી

**રાજેશ મૅકવાન**

**(મિત્રવૃંદ ‘ડાયસ્પોરા’ વિષય પર એક પુસ્તક પ્રકાશિત કરવા સક્રિય છે. સૂચિત પુસ્તકમાં અન્ય લેખોની સાથે શક્ય એટલા કુટુંબોનો ઇતિહાસ સમાવાની ઇચ્છા પણ છે. એ દ્રષ્ટિએ લખાએલો રાજેશ મેક્વાનનો પોતાનો લેખ અત્રે પ્રસ્તુત છે. બધુંય ફાડી-ચીરીને લખવામાં પોતાનો જ ભૂતકાળ ઉઘાડો થશે તે સમજવા છતાં સત્ય જ લખવાનો આગ્રહ રાખી તેમણે સારી એવી હિંમત બતાવી છે. સુખ સમૃદ્ધિના સોણલાં લઈને એરપોર્ટ પર ઉતારનારાની શરૂમાં કેવી દશા  થાય છે તેનો વાસ્તવિક ચિતાર રાજેશ મેકવાનના આ લેખમાં જોઈ શકાય છે)**

મુંબઇથી લુફથાન્સા એરલાઇન્સનું વિમાન રનવે પરથી ચકરાવો લઇ આકાશમાં ચઢ્યું ત્યાં જ મને અનુભૂતિ થઇ કે મારું જીવન પણ ૧૮૦ અંશના ખૂણે વળાંક લઇ ચૂક્યું છે. મુંબઇના દરિયા પરથી ઉડતાં તો એવો જ ભાસ થતો રહ્યો કે જેમ્સ બૉન્ડની કોઇ ફિલ્મના દ્રશ્યનો જ હું એક ભાગ છું. આસપાસ ગોરા, પરફ્યુમ છાંટેલા માણસો, સુંદર, સુઘડ, સ્વચ્છ અને શિષ્ટાચારી ઍરહોસ્ટેસીસ, બોઇંગ વિમાન; આ બધું જ કાલ્પનિક અને આભાસી લાગે. હું તો રાજીના રેડ! મને થયું, "નસીબ કેવાં પાધરાં કે આપણને ફોરેન જવા મળ્યું!" જે હિન્દુ ધર્મની અનેક બાબતો માટે તિરસ્કાર હતો એની એક વાત આજે બહુ ગમી, "એ તો પરભવનાં સારાં કર્મો કર્યાં હશે તે એનું આ પુણ્ય!" અને એ પુણ્યોનો આ જન્મમાં લ્હાવો લેવા મન તો ઉછાળા મારે! ઇચ્છા ય એવી જ કે આ સુખનો કદીય અંત ના આવે કારણ કે માત્ર ફિલ્મોમાં જોયેલું અમેરિકન સ્વપ્ન મારી આંખો સામે જ સાકાર થઈ રહ્યું હતું ને આ જ આંખો સામે ગોરી છોકરીઓ વિષેના ફિલ્મી ખ્યાલો ય તરવરતા થઇ ગયેલા. એવા ઘેનમાં જ હું ફ્રેન્કફર્ટ ઍરપૉર્ટ પર ઉતર્યો તો દિગ્મૂઢ થઇ ગયો. શું સ્વચ્છતા! ક્યાં યે નાનકડો ડૂચો ય ના મળે, તો ગંદકીની તો કલ્પના પણ ક્યાં કરવાની? દાદરો ય નહીં ચઢવાનો, ઍસ્કેલેટર યા એલિવેટર હોય જ. મેં તો મારા જીવનમાં જાહેર સ્થળોએ કે ઘરમાં આવી વ્યવસ્થા જ જોયેલી નહીં તે માન્યામાં જ ના આવે. આ બધું જોઇ એવો તાનમાં આવી ગયો કે ડૉલર વટાવી યુરો લીધા ને કૉફી અને ચૉકલેટ ખરીધ્યાં ને એણે જે છુટ્ટા પાછા આપ્યા તે આજ દિન સુધી યાદગીરીરૂપે સાચવી રાખ્યા છે. ખબર હતી કે અહીં બધું મોંઘું હોય પણ થયેલું કે જીંદગીમાં કમાવાનું તો છે જ! આજે આ ક્ષણને નથી ચૂકવી! બસ હવે તો ટૉરન્ટો આવવાની જ વાર હતી.



ને ટૉરન્ટો આવ્યું! સપ્ટેમ્બરની એ સાંજે ટૉરન્ટોના પિયરસન ઍરપૉર્ટ પર વિમાન લૅન્ડિંગની તૈયારી કરવા માંડ્યું ત્યાં તો હૈયામાં હરખ માય નહીં, આ જ સ્વપ્નભૂમિ! શું ટૉરન્ટોનું મનોરમ્ય વિહંગાવલોકન! સુંદર વાતાવરણ અને ચકચકાટ ઍરપૉર્ટની ઝાકઝમાળ વચ્ચે ઉતર્યો ત્યારે એક

નવું જ આશ્ચર્યઃ ઇમિગ્રેશન અને કસ્ટમ અધિકારીઓ તમારી સાથે શું સરસ રીતે/સભ્યતાથી વાત કરે? સાલું માન્યામાં જ ના આવે, હું તો બોચી ખંજવાળતો રહી ગયો! ભારતમાં તો કલ્પનામાં ય કોઇ અધિકારી પ્રેમથી તો ઠીક પણ ભૂલથી ય સારી રીતે વાત કરે એવો ભરોસો જ નહીં. જ્યારે અહીં? મનમાં થઇ ગયું કે અહીંથી કોઇ કાળે પાછા ના જવાય. બસ, વેઇટીંગ ઍરિયામાં આ જ પરિસ્થિતિને પચાવતો હું મને પિક અપ કરવા આવનાર વ્યક્તિની રાહ જોવા લાગ્યો. આણંદના ટ્રાવેલ એજન્ટ મારફત એવી વ્યવસ્થા કરાવેલી કે મને કોઇ લેવા આવે અને કોઇકના ત્યાં પેઇંગ ગેસ્ટ તરીકે ગોઠવી દે. અમે એકબીજાને ક્યારેય જોયેલા નહીં પણ મારો ફોટો સ્કૅન કરીને આ ભાઇને મોકલી આપેલો. હું તો એમને જરાય ના ઓળખું.

લગભગ ત્રણ કલાક હું વેઇટીંગ લાઉન્જમાં જ બેસી રહ્યો. કોઇ ના આવ્યું. આપેલા નંબર પર ફોન કરી જોયો પણ કોઇ ઉપાડે નહીં ને મારું ટેન્શન વધી ગયું. દુરથી મને ક્યારનાય એક સ્વામીનારાયણીયા ભાઇ જોઇ રહેલા ને મારી દુવિધા પારખી ગયેલા. પાસે આવી કહે, " ચિંતામાં છો? કોઇ લેવા આવવાનું છે?" મેં વિગતે વાત કરી એટલે કહે, "ફિકર નહીં, એ (મને લેવા આવનાર) નહીં આવે તો હું વ્યવસ્થા કરીશ." મને સધિયારો બંધાયો, ને વાતોવાતોમાં એને ખબર પડી કે હું તો "ક્રિશ્ચિયન" છું એટલે ઢીલો થઇ ગયો પણ તોય મદદ કરવા રોકાયો. ને આખરે મને પેલા ભાઇ લેવા આવ્યા. એમનું નામ યોગેશ બાવેજા ને કામ? ઘંટીઘોડા ને તેય અનેક પ્રકારના! અનેક લાચાર અને લેભાગિયા સ્ટુડન્ટ વિઝાવાળા યુવાનોને લુંટીને/બાટલામાં ઉતારીને એ ભાઇ રફારોણ વકરેલા ને પૈસેટકે સુખી થઇ ગયેલા. રિચમન્ડ હિલના એક આલિશાન આવાસમાં રહેવાનું, આ બધું



પાછળથી જાણ્યું. તે ક્ષણે તો અમે હાથ મિલાવ્યા, પરિચયની આપલે કરીને ગાડીમાં ગોઠવાયા. હાઇવે પર ગાડી પૂરપાટ જતી હતી ને મારું આશ્ચર્ય એથી ય વધુ ઝડપે વધતું હતું; કોઇ હોર્ન નથી વગાડતું? આટલી બધી ગાડીઓ, આટલી ઝડપે ને કોઇ ઍક્સિડન્ટ પણ નહીં? શું બધાંની વાહન હાંકવાની શિસ્ત હતી! મેં યોગેશ બાવેજાને આના વિષે કહ્યું ય ખરું, તો કહે, "વૅલકમ ટુ કૅનેડા, ધીસ ઇઝ નૉટ ઇન્ડિયા માય ફ્રેન્ડ! બેસ્ટ ઑફ લક!" ને આ ઝળહળતી લાઇટોના રોમાંચ વચ્ચે ગાડી ટક્સીડો ૨૦ ના પ્રવેશદ્વાર પાસે રોકી. એલેવેટરમાં સામાન ગોઠવી ચૌદમા માળનું બટણ દાબ્યું. યોગેશે મને કહેલું કે મારે જ્યાં રહેવાનું છે એમને ત્યાં જ મને ઉતારી દેશે. નવા લોકો કેવા હશે? એ ય જાણવાની એક પ્રબળ ઉત્સુકતા હતી. બારણું ખુલ્યું ત્યારે પાંત્રીસેકની વય ધરાવતાં બહેને દર્શન દીધાં. આવકારી પાણી આપ્યું ને મેં નજર દોડાવી તો રીતસરની શરમ આવે એવો એક સોફા પડેલો, એ સિવાય આખા ડ્રોઇંગરૂમમાં કંઇ ના મળે. મને મારી રૂમ બતાવી ત્યાં તો તમ્મર આવી ગયાં! રૂમમાં રિગ્નેશ ત્રિવેદી નામના ભૂદેવ પહેલેથી જ અડ્ડો જમાવી બેઠેલા! પ્રાથમિક પરિચય કરીને હું ન્હાયો ને થોડીવાર રિગ્નેશ સાથે ચૌદમા માળની એ બાલ્કનીમાં ઊભા ઊભા ટોરન્ટો દર્શન કરતાં ઔપચારિક વાતો કરી ને અંદર આવીને પેલાં બહેનને ધીરેથી પૂછ્યું, "ભાઇ (એમના પતિદેવ) કેટલા વાગ્યે આવશે?" એમનો જવાબઃ "ઇ તો નાઇટો કરસ, હવાર આવસી ન સીધા હુઇ જસી, કાલ બપોર મલસી ન વાત કરસી." સાંભળીને હું તો સડક જ થઇ ગયો! કૅનેડામાં અંગ્રેજી બોલાય એવી માન્યતાનો અહીં સદંતર છેદ ઉડતો હતો બલ્કે ગુજરાતીના જ ઠેકાણાં નહોંતા ને તો ય મારે અહીં એમની સાથે રહેવાનું હતું. લાગ્યું કે ગયા જન્મના કર્મ કરવામાં કંઇ કાચું કપાયું કે શું? ચૌદમા માળેથી હું ભોંયે પટકાયો હતો ને ઇસુ પહેલી વાર ભોંયે પટકાયાની વેદના અનુભવી હશે એની બરોબર જ હું હતો એવી પ્રતીતિ થતી રહી. પણ હજી આ તો શરૂઆત હતી, રસોડામાં જરાક ખખડાટ થાય કે બહેન ધસી આવે; એમને એમ કે અમે ફ્રિજ ખોલીને કશું ખાઇ તો નથી જતા ને? પણ અમારે મન ખાવાથી વિશેષ ચિંતાઓ માથા પર ઝળુંબતી હતી.

વળતી સવારે રિગ્નેશ કહે, "તમારે જોબ શોધવી પડશે નહીં તો ઇન્ડિયાના પૈસા ખલાસ થતાં વાર નહીં લાગે." અમે જ્યોર્જ બ્રાઉન ગયા, કોલેજ જોઇ, રજીસ્ટ્રેશન કરાવ્યું ને સાંજે જોબ શોધવા નીકળ્યા. ફરતાં ફરતાં લૉરેન્સ અને મારખમ રોડના ઇન્ટરસૅકશન પર "ઇન્ડ્યા ટાઉન" (ગ્રોસરી સ્ટોર) ના દ્વારે પહોંચ્યા.એના માલિકનું નામ રાજુભાઇ પટેલ એ એની પત્ની ભારે તુંડમિજાજી ને ઉધ્ધત. મને કહે, "કાલથી આવો, કલાકના પાંચ ડોલર આપીશ." મેં કહ્યું કે સવારે કૉલેજ હોય છે તો કહે પાર્ટટાઇમ આવો અને વિકેન્ડમાં ફુલટાઇમ આવો. મેં "હા" પાડી દીધી પણ સહન ના કરી શક્યો. ત્યાં કામ કરતા માણસોને જોઇ થયું આવું કામ તો વાણિયાઓને ત્યાં ધારાળાઓ, ડોડકાંઓ, ભીલ લોકો ને સરદારગંજમાં મારવાડાઓ કરે છે. આપણી આબરુનું શું? રાજુભાઇને તો સામી દિવાળી આવે એટલે માણસોની જરૂર હતી ને મેં છેવટે મન મનાવ્યું કે અહીં કોણ જોવાનું છે? પણ જ્યાં માંડ પંદર દિવસ આ નોકરીને થયા હશે કે એક સવારે સુમિબેન (કૅનેડામાં સૌ પ્રથમ આવનાર ગુજરાતી કૅથલિક

જીતુનાં મમ્મી) એમની મોટી દીકરી સાથે ખરીદી કરવા આવ્યાં ને મને ઓળખી ગયાં. હું ખૂબ શરમાયો ને બીક લાગી કે હવે આણંદમાં બધા જાણી જશે કે હું શું કરું છું. ક્યાં ઉચ્ચાભ્યાસ માટે પરદેશગમનની વાતો, સ્કૉલરશીપનાં બણગાં ને ક્યાં ગુણો ઉંચકી પેટિયું રળવાની વાસ્તવિકતા! ને એમાં ય રાજુભાઇના હુકમો છૂટેઃ "જાઓ, ફલાણી ગાડીમાં ત્રણ તેલના ડબ્બા મૂકી દો, ઢીંકણી ગાડીમાં ચાર કટ્ટા ચોખાના નાખી આવો, દાળની ગુણોને અલગ કરી નાખો, મમરા બહાર લઇ આવો, સડેલું શાકભાજી ગાર્બેજ કરી દો, ગોડાઉન પર જઇ પૅપ્સીના કંટેઇનર્સ લઇ આવો." સરવાળે ના જ સહન થયું એટલે નોકરી છોડી દીધી ને જીરાર્ડ સ્ટ્રીટ પર આવેલ મદ્રાસકાફેમાં ઢોંસા પાડવાની ટ્રેઇનિંગ લેવા મને બોલાવ્યો. આવડે તો નોકરી પાક્કી હતી. આખી વેરા (મૂળ શબ્દ "વેળા") એનું ખીરૂં બગાડ્યું ને તો ય ઢોંસા પાડતાં ના આવડ્યું એટલે એણે મને યોગ્ય ગાળોમિશ્રિત નારાજગી સાથે વિદાય આપી.

રોજ કૉલેજથી નીકળી, તુરી લોક ઘેર ઘેર ફરે એમ, જોબ શોધવા નીકળતો. આ નિત્યક્રમ હતો. બધા રૅફરન્સ અને રૅઝ્યુમી માગે. મજૂરી કરવાની ત્યાં રેઝ્યુમી શું કરવાની? એ નહોંતું સમઝાતું. ખેર, લૉરેન્સ અને ડફરીનના ઇન્ટરસેક્શન પર આવેલા ગૅસ સ્ટેશનમાં નાઇટ શિફ્ટમાં જોબ મળી. પગાર કલાકના ૬ ડોલર! રાત્રે સાડા દસે ઘરથી નીકળું તો બારવાગ્યે શિફ્ટ શરૂ કરી શકું. સવારે આઠ વાગ્યે શિફ્ટ પતાવી, ગૅસ સ્ટેશનમાં જ બ્રશ/દાઢી કરી સવારના નવથી બપોરના એક વાગ્યા સુધી કૉલેજમાં ને લગભગ ત્રણ વાગતાં સુધીમાં ઘરે પહોંચું. મોટેભાગે ઉજાગરા ને થાકના માર્યા બસમાં એવો સુઇ જાઉં કે ઉતરવાનું રહી જ જાય ને સ્કારબરોના યુ. ઓફ ટી. ના કૅમ્પસથી બસ પાછી ફરે ત્યારે જ ઉતરવું પડતું યા ચાલવું પડતું. શનિ, રવિમાં અનેક કામો રહેતાં; કૉલેજના અસાઇનમેન્ટસ, અભ્યાસ, કપડાં ધોવાનાં, ખરીદી કરવાની વિગેરે ને આ ક્રમમાં જ સમય વિતતો ચાલ્યો.



આ બધી લ્હાય વચ્ચે એક/બે પરિચય એવા થયા કે મનને શાતા વળેલી. ઉતર્યો એના ચોથા જ દિવસે સવારે પોણાસાતની આસપાસ કૉલેજ જતાં સામેથી મધુરમ મૅકવાન મળ્યા, એમનું જોબ પરથી પાછા આવવું. અમારી આંખો એક થઇ ને કોઇ ઓળખીતું મળ્યું એટલે બહુ રાજી થયો એમના જ કારણે કૅનેડામાં વસેલાં કુટુંબો-શશીકાંત પટેલિયા, નડિયાદવાળાં ફ્રાન્સિસ-સુનિતા, જીતુ, કરમસદવાળા જોસેફભાઇ અને પૉલ મૅકવાન વિશે માહિતગાર થયો ને એમના જ ઘેર ભોજન કરતાં જયેશ પરમાર નામના એક લોટિયા ભાગોળના છોકરાનો પરિચય થયો ને એ પરિચય તરત જ દોસ્તીમાં પરિણમ્યો. અમે સમદુઃખીયા હતા ને એકલા હતા. મિત્રતા જામી કે અમે ટક્સીડો ૩૦માં ઍપાર્ટ્મેન્ટ ભાડે લઇ રહેવા ગયા. થોડા જ દિવસોમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે ના ફાવતાં વળી પાછા પેઈંગ ગેસ્ટ તરીકે ટક્સીડો ૪૦માં અતુલ પટેલને ત્યાં રહેવા ગયા ને આમ અમારી ગાડી ગબડતી ચાલી. જયેશનાં પત્ની અને બાળક આવી જતાં એણે એની રીતે પગદંડો જમાવવાની કોશિષ કરી પણ છેવટે ના જ ફાવતાં, મૂહૂર્ત જોઇને ભારત ભણી પગ વાળી લીધા ને કાયમ માટે કૅનેડાને અલવિદા કહ્યું. પણ હું ક્યાં જાઉં? મારો ક્યાં કોઇ આરો વારો હતો? નિરાશ થઇ/નિષ્ફળ ગણાઇને પાછા જવાની મારી કોઇ તૈયારી જ નહોંતી ને બીજી તરફ મારું ભણવાનું પુરું થવાને આરે હતું એટલે શું કરવું એની ય દ્વિધા હતી. મારા એક વરસના વિઝા તો પૂરા થવા આવેલા. પાછા જવું પડશે તો શું? એ ચિંતા જ મને કોરી ખાતી હતી.

મેં ઝાવું માર્યું. જ્યોર્જ બ્રાઉન કૉલેજમાં કન્ટીન્યુઅસ ઍજ્યુકેશનમાં ફ્રેન્ચ લેન્ગવેજનો કોર્સ લીધો. પણ વીઝા ઍક્સ્ટેન્શનની શરત એ હોય છે કે ફૂલટાઇમ કૉર્સ હોવો જોઇએ તો જ વીઝા ઍક્સ્ટેન્શન મળે. આ કોર્સમાં તો આખા અઠવાડિયામાં માત્ર ત્રણ જ કલાક ભણવાનું હતું. દૂર દૂર સુધી ઍક્સ્ટેન્શનની કોઇ શક્યતાઓ જ નહોંતી તો ય મેં કૉલેજ પાસે ઍડમિશન લેટર માગ્યો. કૉલેજે ઘસીને ના પાડી ને જણાવ્યું, "ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ જો ફુલટાઇમ કોર્સમાં ના હોય તો લેટર ના મળે." મેં દલીલ કરી, "હું ક્યાં તમને કશું ખોટું લખી આપવાનું કહું છું કે છેતરું છું. મને લખી આપો કે હું પાર્ટ ટાઇમ સ્ટુડન્ટ છું. અઠવાડિયાના ત્રણ જ કલાક ભણવાનો છું. ફુલ ટાઇમ સ્ટુડન્ટ નથી." આ શરત એમના ગળે ઊતરી ને એમણે લેટર આપ્યો. એની સાથે મેં મારી અધ્યાપક તરીકેની કારકિર્દીનો ચિતાર આપતો પત્ર તૈયાર કર્યો અને મને ફ્રેન્ચ શીખવા કૅનેડામાં રહેવાની પરવાનગી મળે તો મને ભવિષ્યમાં રિસર્ચ કક્ષાએ શું ફાયદો થાય એ પણ વિસ્તારે જણાવ્યું ને સાથે ઉમેર્યું કે નિયમથી પર જઇને પણ કોઇ યોગ્ય વિદ્યાર્થીને મદદ થઇ શકે કે નહીં? અન્ય દસ્તાવેજો સાથે મેં અરજી રવાના કરી ને મારા અગાધ આશ્ચર્ય વચ્ચે વીસ જ દિવસમાં જવાબ આવ્યો ને મને ત્રણ વર્ષનું ઍક્સ્ટેન્શન મળ્યું હતું. બેહજારછ સુધી તો રહેવાની વ્યવસ્થા થઇ ગઇ હતી. ખુશીનો માર્યો મારી રૂમમાં હું ધરાઇને રડ્યો ને બાકીનો આનંદ તો આણંદ જઇને બધાં સાથે જ કરીશ એમ નક્કી કરી ને ટિકીટ કરાવી જ્યાં એક જુદી જ દુનિયા મારી પ્રતિક્ષા કરતી હતી. **(વધુ આવતા અંકે)**

## ગુજરાતી કૅથલિક સમાજ સંદર્ભે કેટલીક ઐતિહાસિક વિગતો

૧. ડિસે. ૧૮૯૩માં મોગરી ગામે ૧૮ બાળકોનો સ્નાનસંસ્કાર થતાં જ "ગુજરાતી કૅથલિક" તરીકેની ઓળખનો જન્મ.

૨. ૧૯૩૩માં ફા. કૉન્હેટના પ્રયાસોથી "કૅથલિક સુધારક મંડળ"ની સ્થાપના થઇ. સમાજના નિતી-નિયમો/સુધારાવાદી અભિગમને શબ્દસ્વરૂપ મળતાં સમાજબંધારણની પ્રક્રિયાનો અવકાશ રચાયો. આ સુધારક મંડળને તે વખતના આર્યબિશપ જોહાકીમ લીમા, એસ. જે. (બોમ્બે) તરફથી માન્યતા પ્રાપ્ત થઈ હતી.

૩. ૧૯૪૮માં તે સમયના સામાજિક આગેવાનોની હાજરીમાં પ્રથમ "પાળજ અધિવેશન" ભરાયું. મૂળ સમાજના હિન્દુ, પ્રોટેસ્ટન્ટ અને કૅથલિક સંપ્રદાયના આગેવાનો હાજર રહેલા.

૪. ૧૯૭૦માં દ્વિતીય "પાળજ અધિવેશન" ભરાયું. સમાજના હિન્દુ, પ્રોટેસ્ટન્ટ અને કૅથલિક સંપ્રદાયના આગેવાનો હાજર રહેલા. અહીં કૅથલિકોએ મૂળ સમાજ સાથે રહેવું કે કેમ? આ પ્રશ્ન ચર્ચાયેલો. શ્રી બાર્નાબાસ ડાભી અને જોસેફ મૅકવાને અહીં સમાજ સંગઠનમાં ઊંડો રસ લઇ "સામાજિક એકતા" પર વિશેષ ભાર મૂકેલો પણ ધારી સફળતા નહીં મળેલી. અહીં કન્યાના ૫૦૦ રૂપિયા લેવા તથા જાનમાં ૨૫ માણસ લઇ જવા એવા ઠરાવો થયેલા.

૫. ડિસે.૧૯૮૦ બ્રધર સૅમ્યુઅલના પ્રયાસોથી ગામડી-આણંદ ખાતે "ગુજરાતી કૅથલિક સમાજ"ની રચના થતાં આપણે મૂળ સમાજના હિન્દુ અને પ્રોટેસ્ટન્ટ ભાઇઓથી અલગ થઇ ગયા. અહીં જ સમાજના નવા બંધારણને માન્યતા મળી.

**પ્રવર્તમાન ગુજરાતને ધ્યાનમાં રાખીને નીચેના સામાજિક મુદ્દાઓ પરત્વે આપના વિચારો અને અભિપ્રાયો અમોને મોકલી આપશો. આપ ઈચ્છશો તો આપના નામ સાથે કે નામ વિના આગામી અંકોમાં તે પ્રસિદ્ધ કરીશું.**

- આજના સમયમાં આપણા ડાયસ્પોરા સમાજને, વતનમાં વસતા શહેરી સમાજને અને ગ્રામ્ય સમાજને મૂંઝવતા સૌથી મોટા પ્રશ્ન ક્યા?
- ગુજરાતમાં કેથલિક સમાજની રચના થકી સમાજને **લાંબા ગાળાનો** કોઈ નક્કર ફાયદો થયો હોય તેમ આપ માનો છો?
- આપણા સમાજની સૌથી મોટી શક્તિ કઈ અને સૌથી મોટી નબળાઈ કઈ?
- અમદાવાદ ધર્માંપ્રાન્તની કેથોલિક વસ્તી માત્ર ૬૮,૪૮૮ છે તે આપણા ભાવિ માટે ચિંતાજનક કહેવાય?
- આપણા સામાજિક રિવાજોમાં સૌથી જરૂરી ફેરફારો ક્યા?
- ગ્રામ્ય અને શહેરી સમાજની ભેદરેખા મીટાવવા તમે શું સુચન કરશો?
- ભારતમાં આર્થિક સ્થિતિ સુધર્યા પછી પણ પરદેશ જવું જોઈએ તેમ તમે માનો છો?
- આપણા સમાજ પર છેલ્લા સો વર્ષમાં ઉત્કર્ષની દ્રષ્ટિએ સૌથી વધારે પ્રભાવ પાડ્યો હોય તેવી પાંચ વ્યક્તિઓનાં નામ આપો.

# શ્રદ્ધાંજલિ



૧૯૩૬ - ૨૦૧૦

શબ્દની સાધના દ્વારા, શોષિતો
અને પીડિતોને થઇ રહેલા
અન્યાયોને ઉજાગર કરવા
જીવનભર સતત ઝઝૂમતા રહ્યા
એવા કર્મશીલ અને અગ્રણી
સાહિત્યકાર
**સ્વ. જોસેફ મેકવાનને**
તૃતીય પુણ્યતિથી નિમિત્તે
શ્રદ્ધાંજલિ.

**આપણો સમાજ રાજકીય નેતૃત્વની દ્રષ્ટિએ વર્ષો પછી પણ આજે જ્યાં ને ત્યાં જ છે ત્યારે સમાજના અગ્રણી સાહિત્યકાર સ્વ. જોસેફ મેકવાનના આ શબ્દો યથાર્થ લાગે છે.**

“....ઉજ્જવળ ભાવિના પ્રલોભનને હું વશ ન’તો થયો. જો થયો હોત તો ...? આ ‘તો’ નો જવાબ અધ્યાહાર નથી રહેતો. હું મનચાહ્યું પદ પામી શક્યો હોત. શંકરસિંહ વાઘેલા આજે ય મને અંગત રીતે ઓળખે છે. એ બધું નિરર્થક ના જાત. પણ હું મોરારજી ને બાબુભાઈ વાળી જનતા પાર્ટીમાં જોડાયો ત્યારે ય ખ્રિસ્તી સમાજે મને પીઠબળ પૂરૂં ન’તું પાડ્યું. એ જ લોકો  જો હું હળાહળ હિન્દુત્વવાળી પાર્ટીમાં જાત તો શું કરત? પણ મારા સિદ્ધાંતો અને વિચાર, મારી ધાર્મિકતા અને નૈતિક ખ્યાલો મને ત્યાં જતાં રોકતા હતાં. હું પહેલેથી માનું છું ને કહેતો આવ્યો છું કે ખ્રિસ્તી સમાજમાં રાજકીય નેતૃત્વ ઉગી નીકળે એ સંભાવના જ નથી. એ ઉગી રહ્યું હશે તો એના ફણગા ફાંસી નાખનાર પાછળ મતીયાનો તોટો નથી આ સમાજમાં.

.... તો આ રાજકારણ છે. આત્મસ્તુતિનો દોષ એટલા માટે વહોર્યો છે કે આ શબ્દો ખ્રિસ્તી સમાજના ભવિષ્યનો પદાર્થપાઠ જ નહિ, ઇતિહાસ બનવાના છે. હું મારી વ્યક્તિગત ખાસિયતો અને વણથંભ પ્રયાસો તથા ઊંડી અધ્યયનશીલતાને કારણે જે તે પદે પહોચ્યો છું. એમાં ખ્રિસ્તી સમાજ મને ટેકો દેવા નથી આવ્યો. સમાજ પોતે થઈને આવું કંઈક પકવી શકે કે પ્રસવી એવું એનું ઘડતર જ નથી થયું. ઘડતર માટે મૂળ જોઈએ. અને મૂળ માટે નક્કર ધરતીનો આધાર જોઈએ.” (ફા. વર્ગીસ પોલ અને નવીન મેકવાન સંપાદિત ‘વિકાસના હમસફર’ પુસ્તકમાંથી સાભાર)

(‘ફણગા ફાંસી નાખવા’ એટલે ફૂટતા અંકુરોને ઝનુનથી તોડી નાખવા. ‘પાછળ મતીયા’ એટલે જાતે આગળ વધવું નહિ ને કોઈને આગળ વધવા દેવો નહિ તેવી જડ મનોવૃત્તિવાળા બુઝદિલ લોકો. ‘મહેતરીયા’ શબ્દથી આ શબ્દ જુદો છે. ‘મહેતરીયા’  એટલે કોઈ પણ કારણ  શોધીને ડખો ઉભો કરી પોતાનો સ્વાર્થ સાધી લેવાની આવડતવાળા ‘મહાપુરુષો’. આપણી લોકબોલીના આવા શબ્દો હવે કોણ લખશે, જોસેફ સાહેબ?)

# સંભારણાં





ફા. અશોક અને ફા. વિનાયક, આ બંને ફાધરો અમેરિકામાં વધુ અભ્યાસ માટે આવ્યા હતા ત્યારે કેનેડા આવેલા નવા વસાહતીઓને પણ તેમનો લાભ મળ્યો હતો. ફા. વિનાયક તો ત્યાર પછી બે વાર ટોરોન્ટો આવી ગયા. ૨૦૦૭મા ટોરોન્ટો આવ્યા ત્યારે તેમણે પવિત્ર સપ્તાહની યાદગાર ઉજવણી કરી હતી. આ બંને ફાધરો હાલમાં અમદાવાદ ધર્મપ્રાંતમાં યશસ્વી કામગીરી બજાવીને પ્રભુની સેવા કરી રહ્યા છે.



રેવ ફા. વેલીએ પેટલાદમાં ઘણાં વર્ષો કામ કર્યું છે. આથી ત્યાં ભણેલા શશીકાન્ત, સુશીલાબેન, આગ્નેસબેન વગેરેને તેઓ સારી રીતે ઓળખે છે. ફા. વેલી ૨૦૦૫માં ટોરોન્ટો પધાર્યા ત્યારે શશીકાન્ત પટેલીયાના ઘરે લીધેલી મુલાકાતની યાદગાર તસવીર

અમદાવાદ ધર્માંપ્રાન્તમાં કોઈ પણ જગ્યાએ મહત્વનો કાર્યક્રમ હોય તો ફા. ટાઈટસ હાજર ન હોય તેમ ના બને. તેમના સ્વભાવને કારણે લોકપ્રિય થયેલા ફા. ટાઈટસ ટોરોન્ટો પધાર્યા તે પ્રસંગની તસવીર. આ પ્રસંગે ફાધરે પરમપૂજા અર્પણ કરી હતી અને ગુજરાતના વર્તમાન વિષે માહિતી પૂરી પાડી હતી.






## પારિવારિક પરિચય

ઝળહળતો તારો જોઈને માગી રાજાઓ નીકળેલા, જયારે અહીં તો ઈશ્વરભરોસે. સહપરિવાર ૨૦૦૦માં કેનેડાગમન કરનારા, વ્યવસાયે એન્જીનીયર એવા શશીકાંત પટેલિયા અન્યોને માટે પ્રેરણા રૂપ છે. નમ્ર, મિલનસાર અને સરળ સ્વભાવના શશીકાન્તભાઈ એલીકોનમાં મેનેજમેન્ટ લેવલની નોકરી છોડીને ઉજ્જવળ ભાવિ માટે કેનેડા આવ્યા. એક દાયકાની એમની મજલ એમની મહેનત અને સફળતાની સાક્ષી છે. એમનાં પત્ની ઊષાબેન પણ આ સફળતાના સહભાગી છે. મારખમ, ઓન્ટારીયોમાં એમનો વસવાટ. સંતાનો યુનિવર્સીટી કક્ષાપહોચ્યાં છે: શ્રુતિ–કીનેસ્થીઓલોજી અને મૌલિક -કાયદાશાસ્ત્ર. મિત્રવૃંદ આપને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

## મિત્રવૃંદનાં પરિવારજનો



## ઇતિહાસનાં પાનાંઓ ઉપર...

બોમ્બે મિશનના ઇતિહાસને ફા. અર્નેસ્ટ હલ, જેઓ મિશનના ઇતિહાસકાર હતા તેમણે ૧૯૩૦માં પ્રકાશિત કર્યો હતો. ઇતિહાસ ક્યાં અને કેવી રીતે સચવાય છે તે તો જુઓ.! આ પુસ્તક આજે અમેરિકાની શિકાગો યુનીવર્સીટીમાં ઉપલબ્ધ છે ! રાજેશ મેકવાને તેમના રસરુચિથી આ પુસ્તકને મેળવ્યું. અત્રે વાંચો કેવું હતું વડતાલ મિશનના પ્રણેતા જર્મન ફાધર ઓગસ્ટીન માર્ટીનનું મુશ્કેલીઓ સામે ઝઝૂમવાનું મનોબળ...

“This village, being the most westerly of the original Anand group, lies about 8 miles north-west of Anand itself. It was selected as a centre in 1897, when Father Augustine Martin came there, and settled down in a tent on a field belonging to the Swami Narayan monastery (Hindu) by permission obtained from the patel of the village. The people and specially the monks, did not want him, and tried to get him away. Threatening letters were pinned on his tent during his absence and on the school house in the *** quarter, stating that; if the Saheb was not sent away their houses would be burnt’. When the monsoon came Father Martin rented a mud hut; and they did actually burn down his horse stable one day while he was out on tour. He informed the police of the fact, asking them to tell the people that, **“**Hitherto the Saheb did not know how long he would stay; but now, the more the difficulties, the longer the stay.” After this they gave up him as a bad job, and left him in peace.”

## Let us organize it...!

According to one story, when God created the world and glorified in its goodness, Satan shared his rapture, in his own way, of course, for as he contemplated marvel after marvel, he kept exclaiming,” How good it is! Let’s organize it”.
“And take fun out of it”

Have you ever attempted to organize something like peace?
The moment you do,
You have power conflicts
And group wars within the organization.
The only way to have peace
is to let it grow wild...

**“The Prayer of the Frog” by Fr. Anthony De Mello**

# ભજનમંડળી

૧૫મી સદીથી પ્રચલિત થયેલી ભક્તિસંગીત-ભજનની પરંપરાએ ભોળાં, સાદું જીવન જીવતાં માણસોના શ્રધ્ધા-ઘડતરમાં અનન્ય ફાળો આપ્યો છે. ભજન પરંપરા માત્ર હિન્દુ ધર્મ પૂરતી મર્યાદિત ન રહેતાં અન્ય ધર્મીઓની આસ્થાને ઉજાગર કરતું હાથવગું સાધન રહ્યું છે. ૧૯/૨૦મી સદીના ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર-પ્રસાર થયો એમાં "ભજન"નું આગવું સ્થાન છે. ૧૮૬૪માં વાલજી બેચર નામના કબીરપંથીએ "આત્મબોધ" નામે ખ્રિસ્તીગીત પૂસ્તિકા તૈયાર કરેલી, તે અને લોકજીભે રમતાં અનેક "ભજનો"ને પ્રૉટેસ્ટન્ટ મંડળીઓએ "ગાયનસભા"માં ખૂબ ગાયાં અને ધર્મપ્રસાર મજબૂત કરેલો. વીસમી સદીની શરૂઆતમાં ફા. ઉમ્બ્રીખ્તે "કાથોલિક ગીતનું પુસ્તક" તૈયાર કરાવેલું જે દેવળોમાં અને મંડળીઓમાં પ્રચલિત હતું. ૧૯૩૭ પછી તો ઘણાં "કિર્તન" પ્રસિધ્ધ થયાં જેમાં ભજનની છાંટવાળાં ભક્તિગીતોનો સમાવેશ થતો. ૧૯૫૫માં "કિર્તન કુમુદિની"નું આગમન થયું એની ત્રણ આવૃતિઓ થઇ. છેલ્લી આવૃતિને તો મિરિયમદાસના નામે જાણીતા બાર્નાબાસ ડાભીના પિંગળગ્નાનનો લાભ મળ્યો. ૧૯૭૨માં બિશપ શ્રી પિંટોએ "કિર્તનધારા"ને સ્વીકૃતિ આપી જેમાં જાણીતા ગાયક દિનકર રાવળે અનેક રચનાઓને સ્વરનિયોજનો બક્ષ્યાં. ૧૯૭૪માં એ "ગાઓ રે"નું રૂપ ધારણ કરીને આવ્યું ને છેલ્લે આવ્યું "કિર્તન સાગર" જેમાં લગભગ ૪૦૦ જેટલાં ભજનો/સ્ત્રોતોનો સમાવેશ થાય છે અને કૅથલિકોની ધાર્મિક ચેતનાને પ્રગટાવે છે. આજ દિન સુધી એનાં ભજનો લોકજીભે રમે છે અને પરદેશમાં ય "દેશ"ની અને "આપણી માટી"ની સુગંધ ફેલાવે છે. વિશેષ કરીને પરદેશમાં તો આધ્યાત્મિક અભિવ્યક્તિનું હાથવગું સાધન એટલે ભજન. કૅનેડાના કૅથલિક સમુદાયને પણ પોતીકી ઓળખ ધરાવતી આ જ "ભજનસમૃધ્ધિ"નો વારસો અને લાભ મળ્યો છે.



ટ્રિનિદાદ, ગયાના, અને ટોબેગો જેવા બ્રિટીશ સંસ્થાનોમાં "ગિરમિટીયા" લોકો, પોતાની માતૃભૂમિથી વિખૂટા પડ્યા પછી, દોઢસોથી વધુ વર્ષો કઇ રીતે અન્ય વિષમ પરિબળો સામે ઝઝુમી શક્યા? અને પોતાનું અસ્તિત્વ/ઓળખ ટકાવી રાખી શક્યા? એ સંશોધકો અને સમાજશાસ્ત્રીઓ માટે રસપ્રદ મુદ્દો થઇ પડ્યો છે. એનો આંશિક જવાબ આ લોકોની ભક્તિ-ભજન પરંપરામાં રહેલો છે. દિનભરની તનતોડ મજૂરી અને કારમી ગરીબાઇ વચ્ચે એમને સધિયારો આપતું એક માત્ર ભજનસંગીત રહ્યું. લોકસંગીતની એક પ્રબળ ભારતીય પરંપરા એમની વહારે આવી. વાસ્તવજગતનાં દુઃખ-દર્દ વિસારે પાડી, ભેગા થઇ પ્રભુનામ ભજી; રામના વનવાસ અને સીતાની અગ્નિપરીક્ષામાં પોતાના જીવનની આકરી કસોટીઓને મૂલવતાં એ લોક આવનારી મૂશ્કેલીઓને ઝીલી શક્યા અને ટકી રહ્યા અને એક જૂદી જ સંસ્કૃતિ ઊભી કરવામાં સફળ રહ્યા.

આજે પરિસ્થિતિ સાવ જ જૂદી છે. આર્થિક, શૈક્ષણિક અને અન્ય કારણોસર સ્વેચ્છાએ પરદેશગમન અને સ્થળાંતર થાય છે. પણ પરદેશની ભૂમિમાં આપણાં મૂળ મજબૂત કરે એવાં સહાયક સાધનોમાં તો આપણાં ભાતીગળ રીતે ગવાતાં ધાર્મિક ભજનો જ રહ્યાં છે. સાવ જ ઓછાં કુટુંબો હોય તોય કોઇ એકના ઘેર ભેગા થઇને કે દેવળમાં ગવાતાં "ભજનો' જ આપણી આધ્યાતિમક જીવાદોરી બની રહ્યાં છે. યુ. એસ. જેવા દેશમાંથી પણ જે સમાચારો અને ફોટાઓ વહેતા થાય છે એમાં પણ આ જ ભાવનાનું પ્રતિબિંબ પડે છે. કૅનેડાગમન પ્રમાણમાં નવુંસવું; પણ "કિર્તનગાન" અને "ભજન પરંપરા" તો અહીં ય જળવાઇ રહી છે.

શરૂઆતના વર્ષોમાં જ્યારે જ્યારે ભેગા થવાનું બનતું ત્યારે બાઈબલ વાંચન કરીએ, એના પર થોડું ચિંતન કરીએ અને પછી કીર્તન સાગર માંથી બે ચાર ગીતો ગાઈએ. આથી વાતાવરણ બદલાઈ જાય. નવા દેશની વિષમ સ્થતિમાં થોડાં કલાકો માટે ય વતન જેવું વાતાવરણ સર્જાય ને અહીની કઠીન વાસ્તવિકતા એટલા પૂરતું ભૂલી જવાય. આગ્નેસબેન પરમાર, કોકીલાબેન મેકવાન અને સુમિત્રાબેન પરમાર અમારા ભજન મંડળમાં અગ્રસ્થાને હોય. ઘણાં બધાં ગીતો એમને મોઢે જ હોય. ધીમે ધીમે ઘડાયેલા કલાકારો આવતા ગયા. સૌ પ્રથમ પ્રતિક પીટર્સ આવ્યા, જેમને વડોદરામાં કી બોર્ડ વગાડવાનો અનુભવ હતો. ગળું પણ સરસ. એમને સાથ મળ્યો અંકિતા મેક્વાનનો. લોટીયા ભાગોળના ક્વાયરમાં ગાવાનો અંકિતાને સારો એવો અનુભવ. સુનીતાબેન ક્રિશ્ચિયન કીર્તન સાગરનાં ગીતોની જવાબદારી સંભાળે. મોટે ભાગે પરમપૂજાની જવાબદારી પણ તેઓ જ સંભાળતા હોય. પછી તો ફ્રાન્સિસભાઈ ક્રિશ્ચિયને ઢોલક વસાવ્યું. એકાદ ખંજરી મળી ને એમ ક્વાયરની શરૂઆત થઇ. હમણાં મધુરમભાઈ મેકવાને તબલા વસાવ્યા છે ને એમના પપ્પા સ્વ. જોસેફ મેકવાનની સ્મૃતિમાં હાર્મોનિયમ પણ. તબલાના કલાકાર શોધવા

જવું પડ્યું નથી. કેવિન મેકવાન સરસ તબલા વગાડી શકે છે. ક્વાયરને સૌથી મોટો લાભ પ્રતીકનો મળ્યો છે. ગીત જો વધારે ખેચીને ગાવાનું હોય તો તો તેઓ વધારે ખીલી ઉઠે છે. દૂત શતાબ્દીના કાર્યક્રમમાં તેમણે ગાયેલું ગીત 'આનંદ મંગલ બની આવો પ્રભુજી, સંગે સોહે રૂડાં મરિયમ માતાજી' એટલી તો હલકથી ગવાયેલું કે તેની મધુરતા હજીય હૃદયમાં વસી રહી છે. આવો જ એક રમ્ય અનુભવ ફા. વિનાયકે પવિત્ર સપ્તાહ ઉજવ્યું ત્યારે હાથમાં મીણબત્તી લઇ ઘંટડીના રણકાર સાથે 'અહો આ દીપના તેજે ગહન ઘન જાય અંધારાં' એ ગીત ગાવાનો થયેલો છે.' **(આલેખન: આગ્નેસ પરમાર અને મધુરમ મેકવાન)**



કૃષ્ણ ! તમે જ કહો અમારે કરવું કેમ?
રોજ રચાતા કુરુક્ષેત્રમાં  અમારે લડવું કેમ?
ચોમેર દંભના દુ:શાશનનો શિરચ્છેદ કરવો કેમ?
આ અવઢવમાંથી ઉગારો શ્યામ,
તમારું વચન નિભાવો શ્યામ !
કાં વાંસળીનો જીવન સુર આપો,
કાં સુદર્શન શીખવાડો શ્યામ !
મેહુલ દવે (ડે. કલેક્ટર)

## સંસ્કૃત સાહિત્ય

उष्ट्राणा ही विवाहेषु गीतं गायन्ति गर्दभ:
परस्परं प्रशसन्ति अहो रूपं, अहो ध्वनि:

ઊંટોના લગ્નમાં ગધેડાઓ ગીત ગાય છે, એક બીજાની પ્રશંશા કરે છે. ગધેડાઓ ઊંટોના રૂપની પ્રશંશા કરે છે: "અહો, શું રૂપ છે!" અને ઊંટો ગધેડાઓના અવાજની પ્રશંશા કરે છે: "અહો શું ધ્વનિ છે!"


For private circulation only

This is an independent bulletin circulated by a group of friends, and has no connection with any organization

આ પત્રિકાને શક્ય એટલા મિત્રોને મોકલી તેના વિતરણમાં સહાયરૂપ થવા આપને વિનંતી છે.(અંકમાં થયેલ જોડણી-દોષને ક્ષમ્ય ગણશો)


Email: GujaratiCatholicDiaspora@gmail.com